સલમાન ખાન, રિતેશ દેશમુખ, આયુષ સહિતના સેલિબ્રિટીઝ જામનગર એરપોર્ટ પર દેખાયા

વનતારાની મુલાકાતે પહોંચતા ફિલ્મી સિતારા: રંગારંગ કાર્યક્રમો

(તસ્વીર: નિર્મલ કારીયા)

જામનગર જિલ્લા સ્થિત રિલાયન્સ અને વનતારાની મુલાકાતે સમયાંતરે સેલિબ્રિટીઓ આવતા રહે છે, જેમાં ઉદ્યોગપતિઓ, ફિલ્મી સિતારાઓ, ક્રિકેટરો વિગેરેનો સમાવેશ થાય છે. આજે તા. ૩૧ ડિસેમ્બરની ઉજવણી માટે ગઈકાલે સલમાન ખાન, લુલીયા, રિતેશ દેશમુખ, જેનેલીયા, આયુષ શર્મા, સલમાન ખાનની બહેન સહિતના અનેક ફિલ્મી સિતારાઓએ ગઈકાલે જામનગર એરપોર્ટમાં ઉતરાણ કર્યું હતું, અને ત્યાંથી મોટર મારફત તમામ મહેમાનોને રિલાયન્સમાં લઈ જવાયા હતાં જ્યાં ગત્ રાત્રે રંગારંગ કાર્યક્રમો યોજાયા હતાં. ઉપરાંત આજે પણ અનેક મહેમાનોનું આગમન થશે, અને આજે અત્રે કેલેન્ડર વર્ષના આખરી દિવસની રંગારંગ ઉજવણી થશે.

વર્ષાન્તે દર વર્ષે સહેલાણીઓની જામે છે ભીડ

દ્વારકાના સનસેટ પોઈન્ટનું મહાત્મય અને આકર્ષણ

(તસ્વીર: રવિ બારાઈ)

દ્વારકા તા. ૩૧: ભગવાન શ્રીકૃષ્ણે મથુરા છોડીને દ્વારકાને પસંદ કર્યુ અને રાજધાની બનાવી. તેની પાછળ પૌરાણિક, સામાજિક, આર્થિક અને કૌટુંબિક કારણોના ઘણાં સંદર્ભો મળે છે, પરંતુ બહુ ઓછા પ્રમાણમાં પ્રચલિત એ કારણ પણ હોઈ શકે કે ભારતનો અંતિમ સૂર્યાસ્ત પશ્ચિમ ક્ષેત્રના આ સ્થળેથી થાય છે.

દ્વારકામાં અરબી સમુદ્ર કિનારે આવેલ સનસેટ પોઈન્ટના બાંધકામમાં પ્રથમ બે પગથિયા ઉતરાયણ અને દક્ષિણાયન દર્શાવે છે. તે પછીના પગથિયા સપ્તાહના સાત વાર સૂચવે છે. તેનાથી નીચેનું વર્તુળ પૃથ્વીની કલ્પનાનું રેખાંકન સૂચવે છે. બીજું વર્તુળ ક્ષિતિજને સમાંતર બનાવાયું છે. બાંધકામમાં ૨૭ નક્ષત્રોને સૂચવતા ૨૭ કાણા બનાવાયા છે.

ખગોળશાસ્ત્રોના નિષ્ણાતો આ સ્થળેથી સૂર્યાસ્ત વિશિષ્ટ રીતે જોઈને અભ્યાસ કરી શકે છે. માનવમનને પ્રફુલ્લિત કરે તેવું સૂર્યાસ્તનું દ્રશ્ય જોવા યાત્રિકો મોટી સંખ્યામાં આ સ્થળની મુલાકાત લેતા હોય છે. આ સનસેટ પોઈન્ટ પુરાતત્ત્વવિદ્દો અને જાણકારોના માર્ગદર્શન હેઠળ બનાવ્યો હતો અને સોમરસ માર્ગ પણ બનાવાયો હતો.

અહીં રાજ્ય સરકારે મૂકેલા શિલાલેખમાં પણ 'પશ્ચિમકાંઠે સૂર્યનું છેલ્લું કિરણ અહી પડે છે' તેવું નોંધવામાં આવ્યું છે. સહેલાણીઓ માટે આ સ્થળ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. થોડા સમય પૂર્વે જ અહીં દક્ષિણ ભારતના સંતની રામાનુજાચાર્યની મૂર્તિ પ્રતિષ્ઠાપિત કરી સનસેટ પોઈન્ટને રીનોવેટ કરાવવામાં આવ્યો હતો.

જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના ઉપક્રમે

નવનિયુક્ત-સેવાનિવૃત્ત ૧૪૫ શિક્ષકોનો જામનગરમાં યોજાશે સન્માન સમારોહ

જામનગર તા. ૩૧: જામનગરની નેશનલ હાઈસ્કૂલમાં નવનિયુક્ત શિક્ષણ સહાયક, અન્ય જિલ્લામાંથી બદલી પામીને આવેલા શિક્ષકો અને નિવૃત્ત થતા શિક્ષકોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

જામનગર જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક તરીકે નવ નિયુક્ત થયેલા શિક્ષકો/ અન્ય જિલ્લામાંથી બદલી પામીને આવેલા શિક્ષકો અને તાજેતરમાં નિવૃત્ત થયેલા શિક્ષકોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આમ માધ્યમિકનો ૫૯, ઉચ્ચતર માધ્યમિકના ૩૯, જિલ્લા ફેર બદલીથી આવેલા અનુક્રમે ૧૭ અને ૧૮ શિક્ષકો તથા સેવા નિવૃત થનારા ૧૨ મળી કુલ ૧૪૫ શિક્ષકોને સન્માનિત કરાયા હતાં. આ કાર્યક્રમ શિક્ષણાધિકારી વિપુલ મહેતા, શાળા સંચાલક મંડળના પ્રમુખ દિપક ઠક્કર, કચેરીના નિરીક્ષકો વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

અમારા કહ્યામાં નથી

ઈમરાન કાસમ માડકીયા

મારા પતિ ઈમરાન કાસમભાઈ માડકીયા અમારા કહ્યામાં નથી, અમારા નામે રોકડ કે આર્થિક વ્યવહાર તેમની સાથે કરવો નહીં, અગર કોઈ કરશે તો તે જવાબદારી અમારી રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જામનગર તા.૩૧-૧૨-૨૦૨૫

લિ. અફરોજા ઈમરાન માડકીયા

:: પબ્લિક નોટીસ ::

મેસર્સ માઉન્ટિંગ રિન્યુએબલ પાવર લિમિટેડ, જે રજિસ્ટર્ડ ઓફિસ વેલસ્પન હાઉસ, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦૦૧૩ ખાતે છે, તે ભારત સરકારને અરજી કરવા માંગે છે કે તેઓ વીજળીના ટ્રાન્સમિશન માટે ઇલેક્ટ્રિક લાઇન અથવા ઇલેક્ટ્રિકલ પ્લાન્ટ મૂકવા અથવા ટેલિફોનિક અથવા ટેલિગ્રાફિક સંદેશાવ્યવહારના હેતુ માટે જરૂરી તમામ સત્તાઓ આપે. ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ હેઠળ ટેલિગ્રાફ ઓથોરિટી પાસે ટેલિગ્રાફ લાઇન અને પોસ્ટ મૂકવાના સંદર્ભમાં ટેલિગ્રાફ ઓથોરિટી સરકાર દ્વારા સ્થાપિત અથવા જાળવણી કરાયેલ ટેલિગ્રાફના હેતુ માટે છે અને નીચેની ટ્રાન્સમિશન યોજનાઓ માટે કમિશનિંગ, સંચાલન, જાળવણી અને અન્ય કાર્યો દ્વારા અનુસરવામાં આવતા સર્વેક્ષણ, બાંધકામ, સ્થાપન, નિરીક્ષણ, ઉત્થાન અને અન્ય કાર્યો હાથ ધરશે.

ટ્રાન્સમિશન યોજનાનું નામ- ગુજરાતના જામનગરમાં મેસર્સ માઉન્ટિંગ રિન્યુએબલ પાવર લિમિટેડને તેના ૨૫૦ મેગાવોટ હાઇબ્રિડ પાવર પ્રોજેક્ટ માટે કનેક્ટિવિટી પૂરી પાડવા માટે ટ્રાન્સમિશન સિસ્ટમમાં સમાવિષ્ટ નીચેની સમર્પિત ઓવરહેડ ટ્રાન્સમિશન લાઇનનું સ્થાપન.

આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલા કાર્યો – વિન્ડ ટર્બાઇન જનરેટર્સ (WTGs) ના યુનિટ સબસ્ટેશનને મેસર્સ MRPL ના પૂલિંગ સબસ્ટેશન સાથે જોડતી 33 KV આંતરિક ટ્રાન્સમિશન લાઇન.

ટ્રાન્સમિશન લાઇનની લંબાઈ આશરે ૮૫.૫૩૮૨ કિમી છે. ઉપરોક્ત ટ્રાન્સમિશન પ્રોજેક્ટને ભારત સરકાર દ્વારા વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૬૮ (૧) હેઠળ પત્ર નં. ૨૫-૧૭/૩૬/૨૦૨૪-PG તારીખ ૧૭/૧૨/૨૦૨૫ દ્વારા વીજળી મંત્રાલય દ્વારા પહેલાથી જ મંજૂરી આપવામાં આવી છે.

આ યોજના હેઠળ આવરી લેવામાં આવતી ટ્રાન્સમિશન લાઇનો નીચેના ગામડાઓ, નગરો અને શહેરોમાંથી, તેની ઉપરથી, આસપાસથી અને તેમની વચ્ચેથી પસાર થશે.

ગામનું નામ	તાલુકો	જિલ્લો
ઝીણાવરી, ટેમડા, મોટીગોપ, ધેલડા, વેરાવળ, ઈશ્વરીયા, સણોસરા, કાઠીતડ, ધરમપુર, ગોદાવરી, નાંદુરી, રીંગપર, બાબરીયા, ચોરબેડી, ખડબા નાના	જામજોધપુર, લાલપુર	જામનગર

રૂટ એલાઈનમેન્ટની એક નકલ નીચે સહી કરનારની ઓફિસમાં ઉપલબ્ધ છે. આ સૂચનાના પ્રકાશનની તારીખથી બે મહિનાની અંદર સૂચિત ટ્રાન્સમિશન સિસ્ટમ પર અવલોકન/પ્રતિનિધિત્વ કરવા માટે સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે, લેખિતમાં નીચે સહી કરનારની ઓફિસમાં વધુ વિગતો અને સ્પષ્ટતા માટે કૃપા કરીને સંપર્ક કરો.

નામ - કપિલ મહેશ્વરી
હોદ્દો - એક્ઝિક્યુટિવ ડિરેક્ટર
ઓફિસ સરનામું - વેલસ્પન હાઉસ, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૧૩
ઈ-મેઈલ સરનામું : Kapil_maheshwari@welspun.com
મોબાઈલ: ૮૭૫૪૫ ૮૪૬૪૭

:: જાહેર નોટીસ ::

આથી જાહેર નોટીસ આપવામાં આવે છે કે, જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના **પાંચસરા મોટા** ગામની રે.સ.નં. ૨૫૮ જેનું ક્ષેત્રફળ **હેક્ટર ૩-૩૧-૯૨ આરે. ચો.મી.** વાળી ખેતીની જમીન ના હાલના માલિક **(૧) ચંદુબા ગંભીરસિંહ જાડેજા, (૨) હિતેન્દ્રસિંહ ગંભીરસિંહ જાડેજા, (૩) ધર્મીષ્ઠાબા ગંભીરસિંહ જાડેજા, (૪) કુમુદબા ગંભીરસિંહ જાડેજા, (૫) ભાવિતાબા ગંભીરસિંહ જાડેજા, (૬) જીતેન્દ્રસિંહ ગંભીરસિંહ જાડેજા** પાસેથી આ જમીન અમારા અસીલે વેચાણ લેવા માટે વેચાણ કરાર કરેલ છે અને સુથીની રકમ ચુકવેલ છે. આ ખેતીની જમીન પરત્વે કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો,હિત સંબંધ લાગ ભાગ કે દર દાવો કે વાંધા તકરાર હોય કે તેમાં કોઈનું કરજ કે લેણું કે બોજો હોય કે લીયન, ગીરો કે તારણમાં હોય કે કોઈનું દબાણ હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૦૭ માં અમોને આધાર પુરાવા સાથે લેખિત રજુઆત કરવી અન્યથા મુદત વિત્યે અમારા અસીલ કોઈને કોઈ વાંધા તકરાર નથી તેમ માની વેચાણ ની પૂરેપૂરી અવેજની રકમ ચુકવી પોતાની તરફેણમાં પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ તેવામાં આવનાર કોઈપણ વાંધા તકરાર માન્ય ગણાશે નહિ જેની લાગતા વળગતાએ નોંધ લેવી.

લાલપુર તા. ૩૧-૧૨-૨૦૨૫

રાજેન્દ્રસિંહ નવલસિંહ જાડેજા – એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::

રાજેન્દ્રસિંહ નવલસિંહ જાડેજા - એડવોકેટ
૩/સ્નેહદિપ કોમ્પલેક્ષ, કોર્ટબિલ્ડિંગની બાજુમાં, મુ.તા. લાલપુર, જિ. જામનગર :: મો. ૯૯૭૯૩ ૯૯૬૯૪

:: જાહેર નોટીસ ::

આથી સર્વને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયના, જામનગર જિલ્લાના, તાલુકા જામનગર ગ્રામ્યના, મોજે : મતવા ગામના ખાતા નં.૨૩૧ થી આવેલ નવા રે.સ.નં.૭૭૦/જુના રે.સ.નં.૪૭૩/પૈકી ૧૧), ક્ષેત્રફળ હેકટર આરે: ૧-૬૧-૮૮ ચો.મી. વાળી ખેતીની જમીન જેનો આકાર રૂા. ૮.૦૦ પૈસા છે. જે ખેતીની જમીન (૧) રમેશ અરજણ હરીજન વિગેરેની સંયુકત માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે. તેઓ પાસેથી સદરહુ ખેતીની જમીન અમારા અસીલે ખરીદ કરવા સોદો કરેલ છે અને અવેજ પેટે સુંથીની રકમ ચુકવેલ છે.

આ વેંચાણ વ્યવહાર પરત્વે કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ, અધિકાર હોય કે કોઈ ઉપરોકત જમીન કોઈ પાસે ગીરો, મોરગેજ હોય કે કોઈનું પણ લેણું, બોજો, ચાર્જ હોય, તેમજ આ વેચાણ સામે કોઈને પણ વાંધો-તકરાર કે હરકત હોઈ તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦ (દસ) માં અમોને નીચેના સરનામે લેખિત વાંધા-પુરાવા સાથે રજુ કરવા. જો મુદતમાં કોઈના વાંધા-તકરાર રજુ કરવામાં નહિ આવે તો ઉપરોકત જમીનમાં કોઈનો હકક, હિસ્સો, લાગભાગ કે અધિકાર આવેલ નથી, તેમજ આ જમીન વેંચાણ સંબંધે કોઈને વાંધો તકરાર નથી, અને હોય તો વેઈવ કરેલ છે તેમ માનીને અમારા અસીલ પોતાના જોગ નો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે. આ વેંચાણ દસ્તાવેજ બાદ કોઈના વાંધા-તકરાર કે હકક દાવા અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, તેની સર્વએ સ્પષ્ટ નોંધ લેવી.

જામનગર તા. ૩૧-૧૨-૨૦૨૫

ભાવેશ ડી. કરંગીયા - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::

ગિરીશ ગોજીયા એન્ડ એસોસિએટ્સ
ત્રીજો માળ, મધુસૂદન કોમ્પલેક્ષ, જકાતનાકા સર્કલ પાસે, ગોકુલનગર રડાર રોડ, જામનગર – (મો. ૯૦૧૬૭ ૦૮૫૩૮)

૨૦૨૫ ફ્લેશબેક

ભાગ-૪

ગુજરાત રાજ્યનું સૌપ્રથમ સાંધ્ય દૈનિક

જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લો

સંકલન: દીપક લાંબા

ઓક્ટોબર

- જામનગરમાં તબક્કાવાર દૈનિક જળ વિતરણનો પ્રારંભ: માર્ચ સુધીમાં સંપૂર્ણ અમલ.
- જામ્યુકો દ્વારા ગાંધી જયંતીની ઉજવણી: ગાંધીજીની વંદના સાથે ટાઉનહોલથી તળાવની પાળ સુધી સ્વચ્છતા વોકેથોન.
- રાજપૂત સમાજ-પોલીસ દ્વારા દશેરાના શસ્ત્રપૂજન સાથે ઉજવણી.
- મીઠાપુરમાં દુર્ગા પૂજા મહોત્સવ ઉમંગભેર ઉજવાયો.
- જામનગરમાં પ્રદર્શન ગ્રાઉન્ડમાં રાવણ દહન.
- જામનગરમાં આરએસએસ શતાબ્દી વર્ષ નિમિત્તે વિજયા દશમીની ઉજવણી.
- જામનગરમાં ૧ અબજ રૂપિયાના કોભાંડની આશંકા: ૨૫ સ્થળે જીએસટીના દરોડા: સીએ માસ્ટર માઈન્ડ?
- જામનગરમાં નિર્માણાધિન ફ્લાયઓવર બ્રિજનું લાઇટીંગ થતા અદ્‌ભુત નજારો.
- જામનગરમાં હર્ષિદા ગરબી મંડળ તથા શ્રી હર્ષિદા માતાજી ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે હજારો બાળાઓ-બટુકોએ લીધો મહાપ્રસાદ.
- જામખંભાળિયા નગરપાલિકા તંત્રના સફાઈ વિભાગની કામગીરી શૂન્ય: તહેવારો ટાણે ગંદકીથી ખદબદતું નગર.
- આઈટીઆઈના અપગ્રેડેશન માટે ઔદ્યોગિક એકમો સાથે થયા એમઓયુ.
- જામનગરમાં રૂા. ૫૬૦ કરોડના જીએસટી કૌભાંડમાં બ્રહ્મ એસોસિયેટ્સના સી.એ. સામે લુક આઉટ સર્ક્યુલર.
- પૂનમબેન માડમ સહિતના સાંસદોએ ન્યૂયોર્કમાં પૂજ્ય ગાંધીબાપુની પ્રતિમાને અર્પણ કરી પુષ્પાંજલિ.
- જોડીયાની હુજર શાળામાં શ્રી શક્તિ દળ સેવા ટ્રસ્ટ દ્વારા ૪૦ પંખાની ભેટ.
- ઓખા મંડળમાં ગેરકાનૂની કૃતિઓ આચરતી મહાકાલ ગેંગ સામે ગુજસીટોકમાં સાતની અટક.

- જામનગરમાં દીપોત્સવી પર્વે સરકારી અને મનપાની ઇમારતો રોશનીથી ઝળહળી.
- એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં યુથ એમ્પાવરમેન્ટ સેમિનાર.
- રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ જગતમંદિરમાં કર્યા દર્શન.
- દરેડ જીઆઇડીસી એસોસિએશનમાં ઉદ્યોગપતિ હિતકારી 'ત્રિશુલ' પેનલનો વિજય: પ્રમુખ વિષ્ણુ પટેલ.
- એમ.પી. શાહ મેડિકલ કોલેજ અને જી.જી. હોસ્પિટલ દ્વારા આયોજિત આરોગ્ય કેમ્પમાં ૨૬ હજારથી વધુ લાભાર્થીઓ.
- જામનગરમાં ગુજરાતી ફિલ્મ 'લાલો'નું સ્પેશિયલ સ્ક્રીનીંગ: નગરની સ્ત્રિયા રાચ્છ સહિત કલાકારોએ ઝિલ્યો દર્શકોનો પ્રેમ.
- જામનગર સહિત રાજ્યમાં ફટાકડા વેચતા વેપારીઓને ત્યાં જીએસટીના દરોડા: ૪.૩૩ કરોડની કરચોરી.
- જામનગરના વરિષ્ઠ પત્રકાર બકુલભાઈ ભોલાનું નિધન.
- જામનગરમાં આઠ વર્ષમાં રૂપિયા ૨૫૨.૧૫ કરોડના ખર્ચે ૩૩૭૬ આવાસનું નિર્માણ.
- જામનગરમાં ૧૩ ધરતીપુત્રોને રૂપિયા ૧૯ લાખથી વધુની સહાયના ઓર્ડર એનાયત.
- ખંભાળિયા પાલિકાએ કરોડોની મિલકતનું મામૂલી ભાડું ચાલુ રાખતા વિવાદ: ઠરાવ સામે વિપક્ષ જાગૃત.
- જામનગરમાં વી.વાય.ઓ. વ્રજધામ હવેલીનું પુ.પા.ગો. શ્રી વ્રજરાજકુમારજીના હસ્તે ભૂમિ પૂજન.
- ભૂપેન્દ્ર પટેલ સરકારના નવનિયુક્ત મંત્રીઓએ લીધા શપથ જામનગરના રિવાબા જાડેજાનો સમાવેશ કરાયો.
- જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીમાં ધનતેરસના સામૂહિક ધન્વંતરિ પૂજન.
- દ્વારકા ડેવલોપમેન્ટ ઓથોરિટીમાં નજીકના સાત ગામોનો સમાવેશ: આવકાર.
- જોડીયા તથા લાલપુર તાલુકાના લાભાર્થી ખેડૂતોને ૨૧ લાખથી વધુની સહાય.
- દ્વારકા જિલ્લામાં રૂપિયા ૭૮૭ લાખના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત.
- રિવાબા જાડેજાની મંત્રીપદે વરણીના હર્ષભેર વધામણા: આતશબાજી, ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી: જબરો ઉત્સવ.
- હાલારમાં હર્ષોલ્લાસ સાથે દીપોત્સવીની ઉજવણી.
- જામનગરમાં દિવાળીની ઉજવણી વચ્ચે ફટાકડાના કારણે ૩૦ સ્થળે આગના છમકલા.
- ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી દ્વારા દિવાળી પર્વે ગરીબ-ઝુંપડપટ્ટીના બાળકોને મીઠાઈ વિતરણ, ફટાકડા ફોડાવી બાળકોના જીવનમાં ઉજાસ ભર્યો.
- જામનગરના કલેક્ટર દ્વારા મનોદિવ્યાંગ બાળકો સાથે દિવાળીની ઉજવણી.
- ભાણાખોખરી ગામના પાટીયા પાસેથી ઝડપાયો કેફી પીણાંનો ગંજાવર જથ્થો.
- દ્વારકાધીશને સુવર્ણની ધ્વજાનું પ્રતીક તથા ચાંદીની ધ્વજાનું પ્રતિક અર્પણ.

- ખાવડીમાં ઈશા-અનંત અંબાણીનો જન્મદિન ઉજવાયો.
- જામનગરમાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી: લોહાણા જ્ઞાતિનું સમૂહ ભોજન.
- હાપાના શ્રી જલારામ મંદિરે વિરાટ રોટલાનું નિર્માણ કરાયુ.
- સમગ્ર હાલાર પંથકમાં જલારામ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ.
- જામનગરમાં લોહાણા સમાજની નવી મહાજન વાડીના નિર્માણ માટે રાજ્યસભાના સાંસદ અને લોહાણા સમાજના અગ્રણી પરિમલભાઈ નથવાણી તથા લાલ પરિવાર દ્વારા રૂપિયા ૨,૨૨,૨૨,૨૨૨ નું અનુદાન.
- રાષ્ટ્રીય એકતા દિને જામનગરમાં રન ફોર યુનિટીને રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ કરાવ્યું પ્રસ્થાન.

નવેમ્બર

- ખંભાળિયામાં રાષ્ટ્રીય એકતા દિને યોજાઇ રન ફોર યુનિટી.
- હાલાર સહિત ઠેર ઠેર માવઠાનો માર.
- વુમન્સ વન-ડે વર્લ્ડ કપમાં ભારતના વિજયના જામનગરમાં વધામણા: આતશબાજી-રાસ ગરબા સાથે ઉજવણી.
- છોટીકાશીમાં વિષ્ણુ મંદિરોમાં તુલસી વિવાહની ઉજવણી.
- હાલારમાં એસઆઇઆરની પ્રક્રિયાનો પ્રારંભ કરાયો: બીએલઓ ઘેર ઘેર પહોંચશે.
- જામનગરના ગુરુદ્વારામાં ગુરુનાનક દેવજીની જન્મ જયંતીની ઉજવણી.
- જામનગરથી સૌરાષ્ટ્રની ૧૫૦ શાળામાં અફસર બીટીયા અભિયાનનો પ્રારંભ.
- દ્વારકાના જગત મંદિરમાં દીપમાળા સાથે દેવ દિવાળીની ઉજવણી.
- બરડા ડુંગર સફારીમાં પ્રવાસીઓની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો.
- જામનગરના બ્રેઝન ડેડ યુવાનના બે અંગ ચાર્ટર્ડ પ્લેનથી અમદાવાદ પહોંચાડાતા બે ને મળ્યું નવજીવન.
- જામનગરમાં ખીજડા મંદિરના સ્થાપના દિને પૃથ્વી પરિક્રમા યોજાઈ.
- રાષ્ટ્રગીત ''વંદે માતરમ''ના ૧૫૦ વર્ષની હાલારમાં ઉજવણી.
- છોટીકાશીમાં બીએપીએસના વડા પૂજ્ય મહંત સ્વામીનું આગમન.
- 'છોટીકાશી'ના શ્રી બાલા હનુમાન મંદિરે યોજાયો ભવ્ય અન્નકૂટ.
- હાપા માર્કેટિંગ યાર્ડમાં ૮૯૩ ખેડૂતો ૧૪,૩૯૪ ગુણી ખેતપેદાશો લાવ્યા.
- જામનગર-દ્વારકામાં દિલ્હી બોમ્બ બ્લાસ્ટના પગલે પોલીસ દ્વારા સઘન ચકાસણી.

- નગરમાં યોજાયેલી કોંગ્રેસની જનાક્રોશ સભામાં રાજ્ય સરકાર પર પ્રહાર.
- લાલવાડી બાગમાં લાલિયાવાડી: લાઈટ, સફાઈ-કસરતના સાધનોનો અભાવ.
- યાત્રાધામ નાગેશ્વરના મહાદેવ મંદિરે પૂજારીઓ દ્વારા ભાવિકોની ઉઘાડી લૂંટ-અભદ્ર વર્તન સામે પ્રચંડ આક્રોશ.
- ઇસીજીમાં છેડછાડ કરી ૫૩ દર્દીની બિનજરૂરી કાર્ડીયાક પ્રોસિઝર કરાતા જામનગરના જેસીસી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટને પીએમજેવાય યોજનામાંથી હટાવાઈ: ડોક્ટર પાર્શ્વ વોરા સસ્પેન્ડ.
- બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીએ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો.
- બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએના પ્રચંડ વિજયની જામનગરમાં ઉજવણી.
- હાલારમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત રાજ્યમંત્રી રિવાબા જાડેજા-ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીના નેતૃત્વમાં પદયાત્રા.
- દ્વારકા: વસઈમાં થશે એરપોર્ટનું નિર્માણ.
- રાષ્ટ્રપતિ ટ્રમ્પના પુત્ર-પુત્રવધૂએ માણ્યું અંબાણી પરિવારનું આતિથ્ય: વનતારાની મુલાકાત.
- હાપા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મબલખ આવક.
- જામનગરમાં સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવરનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ તથા સ્વચ્છતા પ્રોજેક્ટનો પ્રારંભ: ૨૧૬ વાહનોને લીલીઝંડી.

- જામનગરના ટાઉનહોલમાં પૂર્વ નિર્ધારિત લગ્ન પ્રસંગને અનુકૂળ થવા મુખ્યમંત્રીએ બદલાવ્યું કાર્યક્રમનું સ્થળ.
- જામનગરમાં સંવિધાન દિવસની ભાજપ દ્વારા ઉજવણી.
- જામનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપ. બેંકના ઉપક્રમે હાલાર સહકારીતા સ્નેહમિલન.
- કાનાલુસ-ઓખા ડબલીંગ લાઈન માટે ૧૪૫૭ કરોડના પ્રોજેક્ટને કેન્દ્રની મંજૂરી.
- જામનગર જિલ્લાની ૬ તા.પં.ની કુલ ૧૧૨ બેઠકનું અને જામનગર જિલ્લા પંચાયતની ૨૪ બેઠકનું નવું રોટેશન જાહેર: અનેક બેઠકોમાં થયા ફેરફાર.
- દ્વારકામાં આવેલી બે હોટલને પ્રાંત અધિકારી કચેરી દ્વારા નોટીસ.
- નગરમાં બિલ્ડર લોબી સાથે સંકળાયેલા આસામીને ત્યાં ઈડીના દરોડા.

ડિસેમ્બર

- ગો. શ્રી વ્રજભૂષણ લાલજી માર્ગ નામાભિકરણ સાઈન બોર્ડ અનાવરણ.
- શ્રી ગીતા જયંતીના પાવન પ્રસંગે કથાકાર મોરારિબાપુ જોડિયામાં પધાર્યા: રામવાડીમાં કર્યા દર્શન.
- ખંભાળિયાના માંઝા ગામમાં આઈશ્રી સોનલ કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન.
- જામનગર નજીક ગોરધનપરમાં મેગા ડિમોલીશન.
- જામનગરની જી.જી. હોસ્પિટલમાં પોરબંદરની યુવતીના જીવલેણ ચામડીના રોગની સફળ સારવાર.
- દ્વારકાના જગત મંદિરમાં મોબાઈલનો બેરોકટોક ઉપયોગ: ઝેડ સુરક્ષામાં છીડાં: સરેઆમ નિયમ ભંગ.
- રાજ્યકક્ષાની રાસગરબા સ્પર્ધામાં રાજશક્તિ રાસ મંડળે મેળવ્યું પ્રથમ સ્થાન: જા મનગર સહિત સૌરાષ્ટ્રની ગરિમા વધારી.
- ટાઉનહોલમાં ગોપાલ ઇટાલીયાની સભામાં જૂતું ફેંકાયું.
- દ્વારકામાં ખાનગી બેંકને નબળું સોનુ

ધાબડી મહિલા સહિત નવે મેળવી ૯૭ લાખની લોન.

- જામનગરમાં હોમગાર્ડઝ ડે નિમિત્તે નીકળી મશાલ રેલી.
- યુનેસ્કો દ્વારા દિવાળીના તહેવારને અમૂર્ત ધરોહરની યાદીમાં સમાવેશ કરાતા નગરમાં ઝળહળાટ: રંગોળી, રોશનીથી ઉજવાઈ ઇન્ટેજીબલ દીવાળી.
- જામનગર-દ્વારકા સહિત ગુજરાતના ૨૭ જિલ્લાઓમાં એસઆઇઆરની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ.
- સોશિયલ મીડિયામાં વિવાદિત પોસ્ટ કરવા બદલ રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણી દ્વારા અદાલતમાં રૂપિયા ૧૦૦ કરોડની માનહાનીનો દાવો.
- જામનગરમાં પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના નેતૃત્વમાં મેરેથોન સંપન્ન.
- જામનગર જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ૯ કંપની દ્વારા ૫૭૧૬ કરોડના એમઓયુ.
- જામનગરમાં સૌરાષ્ટ્રના ક્રિકેટ જગતના 'ભીષ્મ પિતામહ' નિરંજનભાઇ શાહનું અદકેરૂ સન્માન કરાયું.
- અન્નપૂર્ણા વ્રત નિમિત્તે શ્રી અન્નપૂર્ણા માતાજીના પૌરાણિક મંદિરે હજારો ભક્તોએ લીધો મહાપ્રસાદ.
- દ્વારકા જિલ્લાના ખેડૂતોએ સરકારને ટેકાના ભાવે રેકોર્ડ બ્રેક ૬૫૩ કરોડની ૪૫ કરોડ મણ મગફળી વેંચી.
- વિશ્વવિખ્યાત ફૂટબોલ ખેલાડી લિયોનેલ મેસીએ વનતારાની મુલાકાત લીધી.
- ઓખા નગરપાલિકા બની 'એ' ગ્રેડની પાલિકા.
- હાલારમાં સાંસદ ખેલ મહાકુંભને ખેલાડીઓ દ્વારા જબરદસ્ત પ્રતિસાદ.
- જામનગર બાર એસો.ના પ્રમુખ પદે બારમી વખત ભરતભાઈ સુવા વિજેતા.
- ખંભાળિયા બાર એસો.ના પ્રમુખ પદે સંજયભાઈ જોશી વિજેતા.
- જામનગર જિલ્લાની પ્રવર્તમાન મતદાર યાદીમાંથી એસઆઇઆર પછી ૧.૭૭ લાખથી વધુ મતદારો બાકાત.
- શ્રી ગીતા જયંતી નિમિત્તે ''નોબત'' અને હરીશભાઈ હરખાણી દ્વારા અનોખું આયોજન: શ્રી ગીતાજી આધારિત સ્પર્ધાના વિજેતાઓને પારિતોષિક-પ્રમાણપત્રો-પુસ્તકો એનાયત.
- જામનગર ગ્રામ્યના ધારાસભ્યો અને જાણીતા બિલ્ડર દ્વારા સાયબર કાઇમમાં ફરિયાદ.
- બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારો સામે જામનગરમાં પ્રચંડ વિરોધ પ્રદર્શન કરાયું.